# ૧૫. શ્રી ધર્મનાથ ભગવાનના ચૈત્યવંદનો (૩)

(૧)

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજ્રી નમે, ત્રણ ભુવન વિખ્યાત. ૧
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુષ પિસ્તાળીસ;
રત્નપુરીનો રાજિયો, જગમાં જાસ જગીશ. ૨
ધર્મ મારગ જિનવર કહે એ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પદ '**પદ્મ**' તણી, સેવા કરું નિરધાર. ૩

(૨)

વિજય વિમાન થકી ચવિયા, રત્નપુરે અવતાર;
ધર્મનાથ ગણ દેવતા, કર્ક રાશિ મનોહર. ૧
જનમિયા પુષ્ય નક્ષત્રમાં, યોનિ છાગ વિચાર;
દોય વરસ છદ્મસ્થમાં, વિચર્યા ધર્મ દયાલ. ૨
દધિપર્ણાધો કેવલી, '**વીર**' વર્યા બહુ ઋદ્ધ;
કર્મ ખપાવીને હુઆ, અડસઠ સાથે સિદ્ધ. ૩

(૩)

વૈશાખ સુદિ સાતમે, ચવિયા શ્રી જિન ધર્મ;
વિજય થકી મહા માસની, સુદિ ત્રીજે જન્મ. ૧
તેરસ માહે ઊજળી, લીએ સંજમ ભાર;
પોષી પૂનમે કેવલી, બહુ ગુણના ભંડાર. ૨
જેઠી પાંચમ ઊજળી, શિવપદ પામિયા જેહ;
'**નય**' કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સ્નેહ. ૩

**।। કાવી તીર્થાધિપતિ શ્રી ધર્મનાથાય નમઃ।।**



Scanned with CamScanner

# ચૈત્યવંદન

આતમ ધર્મ વિશુદ્ધ બુદ્ધ, લીલા અલવેસર,
નિશ્ચય ધર્મ સમાધિમય, સ્વામી શ્રી ધર્મ જિનેસર. ॥૧॥
કર્મધર્મભર શીતકાર, શિવ શર્મ વિધાયી,
સમકિત મર્મ વિધાન એહ, પ્રણમો ચિત્ત લાઈ. ॥૨॥
ધ્યાન ધરો મન દૃઢ કરીને, શ્રી ધર્મનાથનું નીતિ,
શ્રી 'સુમતિવિજય' ગુરુ નામથી, રામ લહે સંપત્તિ. ॥૩॥

## ૧૫ શ્રી ધર્મનાથ જિન ચૈત્યવંદન.

ધર્મ ધુરંધર ધર્મનાથ, ધર્મ સુવ્રતા માયા;
ભાનુરાય સુત ભાનુ જેમ, સુરવધૂ હુલરાયા. ૧
ધનુષ પીસ્તાલીશ દેહ માન, વજ્ર લંછન ધાયો;
વરસ લાખ જસ આઉખું, હેમ વર્ણ સુહાયો. ૨
રત્નપુરી નયરી ધણી એ, પન્નરમા ભગવંત;
રૂપવિજયનો સાહિબો, કેવળ કમળાકંત. ૩